# AGRILAND

flourish

a thought for biofarming




સંપાદન અને લેખન : હેમંત રાવલ, ડો. મુકેશ પટેલ, ડો.ગની પટેલ

## મગફળીના પાકની જૈવિક ખેતી પદ્ધતિ

મગફળી એ ચોમાસુ અને ઉનાળુ એમ બંને સીઝનમાં થતો તેલીબીયા પાક છે. મગફળીના પાકમાં નુકશાન કરતા કિટકો જેમકે ઘૈણ (સફેદ મુંડા), પાન કોરીયુ, લીલી/લશ્કરી ઇયળ, ઉધઇથી ઉત્પાદનમાં મોટુ નુકશાન થાય છે. તેમજ પર્ણના રોગ અને જમીનજન્ય ફુગથી થતા રોગ ૪૦% થી ૫૦% નુકશાન કરે છે. મગફળીના પાકને સૌથી વધુ નુકશાન કરતો સફેદ ફુગનો રોગ ૭૦% થી ૮૦% ઉત્પાદનમાં ઘટાડો કરે છે. તેથી આ રોગ-જીવાતનું નિયંત્રણ કરવું ખુબજ જરૂરી છે.

### મુખ્ય જીવાતો



સફેદ મુંડા | ઉધઇ | પાન કોરીયુ | લીલી ઇયળ | લશ્કરી ઇયળ | થ્રિપ્સ | મોલો

### મુખ્ય રોગ



ઉગસુકનો રોગ | થડનો સુકારો | અર્લી લીફ સ્પોટ | લેટ લીફ સ્પોટ | ગેરૂ (રસ્ટ) | કૃમિનો રોગ

### આપણાં મિત્ર કિટકો



ક્રાયસોપાની ઇયળ | પુખ્ત ક્રાયસોપા | લેડીબર્ડની ઇયળ | પુખ્ત લેડીબર્ડ | એફેલીનીડ વાસ્પ

## જૈવિક વ્યવસ્થાપન

**સારી ગુણવત્તા અને રસાયણ મુક્ત મગફળીના વધુ ઉત્પાદન માટે નીચેની આદર્શ કૃષિ પદ્ધતિ અપનાવવી જોઇએ.**

૧. મગફળીની રોગ પ્રતિકારક જાતોનું વાવેતર કરવું.

૨. ઉનાળામાં ઉંડી ખેડ કરવી જેથી ઘૈણ (સફેદ મુંડા) ની કોશેટા અવસ્થામાં જ તેનુ નિયંત્રણ કરી શકાય.

૩. વાવણી સમયે ખંડીત તેમજ રોગગ્રસ્ત દાણાઓ કાઢી નાખી તંદુરસ્ત બીયારણનો જ વાવણીમાં ઉપયોગ કરવો.

૪. જુવાર, મકાઇ, બાજરા જેવા ધાન્ય પાકો વડે પાકની ફેરબદલી કરવી.

૫. નુકશાન કરતા કિટકોને નિયંત્રીત કરનારા પરોપજીવી અને પરભક્ષી કિટકોની સંખ્યા જાળવવી.

૬. પહેલા વરસાદ બાદ ઘૈણ કિટકો પુખ્ત(ઢાલીયા) અવસ્થામાં બાવળ,બોરડી, સરગવો લીમડો વગેરે ઝાડના પાન ખાવા માટે સંધ્યા સમયે આવતા હોય છે ત્યારે સોલાર લાઇટ ટ્રેપ દ્વારા તેમને આકર્ષી, પકડીને કેરોસીનવાળા પાણીમાં નાખી તેમનો નાશ કરવો. વાવેતર સમયે બાયોસોફ્ટ એચ.પી. ૨૫૦ ગ્રામ + મેટાસોફ્ટ એચ.પી. ૨૫૦ ગ્રામ એક એકર પ્રમાણે જમીનમાં આપવાથી સફેદ મુંડા અને ઉધઇનું અસરકારક નિયંત્રણ થાય છે.

૭. મગફળીના પાકમાં પાયામાં જૈવિક ખાતર તરીકે એક એકર વિસ્તારના પ્રમાણમાં બાયોફીલ્ડ કોમ્બો ૩ કિલો + માઇકોઝોન ૧૦૦ ગ્રામ જમીનમાં આપવું જેમાં એન.પી.કે. બેક્ટેરીયા, મૂળનો પ્રચંડ વિકાસ અને પાકને પોષક તત્વો ઉપલબ્ધ કરતી માઈકોરાયઝા(વામ) ફુગ, જમીનની સમગ્ર જીવ-સૃષ્ટિને વિકસાવતાં સી-વીડ્ઝ અને હ્યુમિક એસીડ સાથેની સંપૂર્ણ બાયોલોજી છે જે લાંબા સમય સુધી ઉપયોગી બને છે અને ખર્ચનું સંપૂર્ણ વળતર આપે છે અને પાકમાં રોગ-જીવાત સામે પ્રતિકારક શક્તિ વિકસાવે છે. સલ્ફર તત્વની ઉણપના નિવારણ માટે મિ. સલ્ફર ૩ કિલો/એકર પ્રમાણે જમીનમાં આપવુ.

૮. મગફળીમાં કોલર રોટ (ઉગસુક) એસ્પરજીલસ નાઇજર નામની ફુગથી ફેલાતો બીજજન્ય રોગ છે જે સામાન્ય રીતે પાક વાવ્યા થી ૩૦ દિવસ સુધીમાં

દેખાય છે. આ રોગના નિયંત્રણ માટે ઘણી વખતે રાસાયણિક  ફુગનાશકો પણ નિષ્ફળ સાબીત થાય છે. આ રોગના નિયંત્રણ માટે માટે જૈવિક ઉપાય તરીકે સુડોઝોન એચ.પી. ૫૦૦ગ્રામ + યોર્કર એચ.પી. ૨૫૦ ગ્રામ એક એકર પ્રમાણે જમીનમાં પૂરતો ભેજ હોય ત્યારે જમીનમાં આપવાથી આ રોગના નિયંત્રણ સાથે કૃમિના નિયંત્રણમાં પણ ખૂબજ ઉપયોગી સાબીત થાય છે.

૯. મગફળીમાં થડનો સૂકારો/સફેદ ફુગનો રોગ જે સ્કેલરોસીયમ રોલ્ફસી નામની ફુગથી થાય છે. આ રોગ સામાન્ય રીતે ૩૦ દિવસનો પાક થાય તે પછી તેની શરૂઆત થાય છે. જેમાં મગફળીના ડોડવા સડી જવા ઉપરાંત છોડ પણ સૂકાવા માંડે છે. આ રોગના નિયંત્રણ માટે મગફળી ઉગી ગયા પછીથી ૩૦ દિવસ સુધીમાં સારો વરસાદ પડે અને જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે દિવેલાના ખોળ/માટી/ છાણીયું ખાતર અથવા રેતી સાથે મોનીટર એચ.પી. મિક્સ કરી થડની બાજુમાં વ્યવસ્થિત આપવું. તે માત્ર શ્રેષ્ઠ ઉપાય છે. મોનીટર જેટલુ વહેલુ અપાય તેટલુ નુકશાન ઓછુ થાય. મોનીટરનો બીજો ડોઝ ૫૦ થી ૬૦ દિવસની પાકની ઉંમરે આપી દેવાથી સફેદ ફુગનું ખુબ સારૂ નિયંત્રણ થાય છે.(મોનીટર ૫૦૦ ગ્રામ/એકર)

૧૦. ઓકિસજન પ્રિય સફેદ ફુગના માયસેલીયા (તાંતણા) ઘણી વખત છોડની ડાળી સુધી વિકસી બહાર દેખાય છે. આવા સંજોગોમાં મોનીટર પંપ દીઠ ૫૦ ગ્રામના ડોઝથી ખુબજ ઘાંટો છંટકાવ કરવાથી ખુબજ સારા પરિણામ મળી શકે છે.

૧૧. પાકના ઉગાવાથી અંત સુધીમાં લીલી ઇયળ તેમજ લશ્કરી ઇયળનું નુકશાન જોવા મળે છે. તેના નિયંત્રણ માટે શરૂઆતથી નોમેટ ફેરોમોન ટ્રેપ ૨૦-૨૦ નંગ એક એકર વિસ્તાર પ્રમાણે મુકવા.

૧૨. પાકમાં નુકશાન કરતી નાના ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે યલ્લો/બ્લ્યુ સ્ટીકી ટ્રેપ એક એકર વિસ્તારમાં ૪૦ નંગ પ્રમાણે મુકવા.

૧૩. મગફળી ઉગી ગયાના ૩૦ દિવસ બાદ બાયોસોફ્ટ એચ.પી. ૧૫ ગ્રામ + રનોફ૧૦૦ ૫ મિ.લી / પંપ પ્રમાણે ઘાટો છંટકાવ કરવાથી ઇયળો તેમજ ચુસીયા કિટકોનું અસરકારક નિયંત્રણ થાય છે. (જરૂર જણાય તો સમયાંતેર બીજો છંટકાવ કરવો.)

૧૪. અર્લી લીફ સ્પોટ (વહેલા લાગતા પાનના ટપકાં) સરકોસ્પોરા એરાચીડીકોલા નામની ફુગથી થતો આ રોગ પાક વાવ્યાના લગભગ ૩૦ દિવસ બાદ જોવા મળે છે. જેમાં પાનના ઉપરના ભાગમાં અનિયમિત આકારના ઘેરા ભુખરા રંગના ટપકા જેની ફરતી બાજુ પીળા રંગની કિનારી જોવા મળે છે. આ રોગના નિયંત્રણ માટે એન્ટીટી ૪૫ મિ.લી. + લાઇફલાઇન ૪૫ મિ.લી. + રનોફ૧૦૦ ૫ મિ.લી. એક પંપ દીઠ મિક્સ કરી ઘાટો છંટકાવ કરવો.

## મગફળીના વાવેતરના ૪૦ દિવસ પછી એક એકર વિસ્તારમાં નીચેના ઉત્પાદનોની માવજત આપવી.

૧. લેટ લીફ સ્પોટ (મોડા લાગતા પાનના ટપકાં)નો રોગ સરકોસ્પોરા પર્સોનેટા નામની ફુગથી થાય છે. લગભગ પાકના ૫૦ દિવસની અવસ્થાએ આ રોગનું આક્રમણ થાય છે. જેમાં પાન પર ઘેરા ભુખરા રંગના ટપકા દેખાય છે. પાનના નીચેના ભાગમાં આ ટપકા કાળા રંગના ખરબચડા દેખાવવાળા જોવા મળે છે. આ રોગના નિયંત્રણ માટે પાક ૪૦ દિવસનો થાય અને વધુ વરસાદી વાતાવરણ જણાય કે તરત  એન્ટીટી ૪૫ મિ.લી. + લાઇફલાઇન ૪૫ મિ.લી. + રનોફ૧૦૦ ૫ મિ.લી. એક પંપ દીઠ મિક્સ કરી ઘાટો છંટકાવ કરવો. (જરૂર પડે બીજો છંટકાવ કરવો.)

૨. સુયા બેસવાની અવસ્થાએ બાયોફીલ્ડ પ્રવાહી ૧ લિટર + સેફ્રોન ૧ કિલો + સ્માર્ટઝીંક ૨૫૦ ગ્રામ એક એકર વિસ્તારમાં આપવાથી પાકને સંપૂર્ણ પોષણ મળે, જમીનમાં સલ્ફર અને ઝીંકની ઉણપને દુર કરી ઉત્પાદન શક્તિ વધારે છે.

૩. આ સમયે ઇયળો તેમજ ચુસીયા કિટકોનો ઉપદ્રવ જણાય તો વેનગાર્ડ ૧૫૦૦ પી.પી.એમ ૬૦ મિ.લી. + રનોફ૧૦૦ ૫ મિ.લી. નો ઘાટો છંટકાવ કરવો. (જરૂર જણાય તો બીજો છંટકાવ કરવો.)

૪. મગફળીમાં ગેરૂ (રસ્ટ) મોટા ભાગે મગફળીની પાકટ અવસ્થાએ આવતો આ રોગ મગફળીના પાંદળા ઉપર લાલ કલરના પાવડરની જેમ છવાઇ જાય છે, પાન આખુ ગેરૂથી ઢંકાઇ જાય છે. પકસીનીયા એરાચીડીસ નામની ફુગથી થતો આ રોગ પાક ઉત્પાદનમાં અને ચારામાં ખુબજ નુકશાન કરે છે. આ રોગના નિયંત્રણ માટે એન્ટીટી ૪૫ મિ.લી.+ સેફ્રોન ૬૦ મિ.લી. + રનોફ૧૦૦ ૫ મિ.લી નો ઘાટો છંટકાવ કરવો.

૫. વધારે વરસાદના કારણે મગફળીમાં ફેરસ તત્વની ખામી જણાય અને મગફળીના પાન પીળા દેખાતા હોય ત્યારે પંપ દીઠ લાઇફલાઇન ૪૫ મિ.લી. + સ્માર્ટઝીંક ૧૫ મિ.લી. + રનોફ૧૦૦ ૫ મિ.લી. પ્રમાણે છંટકાવ કરવાની ભલામણ છે.

## એગ્રીલેન્ડના જૈવિક ઉત્પાદનોનું મગફળીના  પાકમાં એક એકર દીઠ પ્રમાણ




| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મોનીટર ૫૦૦ ગ્રામ | સુડોઝોન ૫૦૦ ગ્રામ | યોર્કર ૨૫૦ ગ્રામ | બાયોસોફ્ટ ૧ કિલો | બાયોફીલ્ડ કોમ્બો ૩ કિલો | માઇકોઝોન ૧૦૦ ગ્રામ | સેફ્રોન ૧ કિલો | બાયોફીલ્ડ ૧ લિટર | સ્માર્ટઝીંક ૫૦૦ મિ.લી. |




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રનોફ૧૦૦ ૨૫૦ મિલી. | વેનગાર્ડ ૧૫૦૦ ppm ૧ લિટર | એન્ટીટી ૧ લિટર | લાઇફલાઇન ૧ લિટર | યલ્લો સ્ટીકી ટ્રેપ -બ્લ્યુ સ્ટીકી ટ્રેપ ૪૦ નંગ | સોલાર લાઇટ સ્ટીકી ટ્રેપ ૧ નંગ | નોમેટ ફેરોમોન ટ્રેપ ૨૦ નંગ |

AGRILAND

Surface Technology | ISO 9001:2015 | IMO Approved | CRISIL MSE 2 Rated Company | DSIR Approved R&D Center | ZED Certification | GeM Approved

એગ્રીલેન્ડ બાયોટેક લીમીટેડ, ૩૬,પ્રીન્સ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, મોટા-મોતીપુરા(સમલાયા), ૩૯૧૫૨૦, તા.સાવલી, જી.વડોદરા,ગુજરાત. મો.૯૬૮૭૬૭૧૫૫૫